# પાવાગઢમાં ચૈત્રી નવરાત્રી દરમ્યાન માનવ મહેરામણ વચ્ચે યાત્રિકો પરેશાન

ડીસા, તા. ૭

પાવનગઢના ડુંગર પર બિરાજમાન મહાકાળી માતાના દર્શનાર્થે ચૈત્રી સુદ નવરાત્રી નિમિત્તે લોકોના ઘોડાપુર ઉમટી રહ્યા છે. જ્યાં રવિવારે રજાના દિવસે માનવ મહેરામણ ઉતરતા ભારે ટ્રાફીક સર્જાઈ હતી. જો કે રવિવારે વધુ ટ્રાફીક હોવાથી ચાંપાનેરથી માંચી જતો વાહનવ્યવહાર બંધ કરી દેવાતા તમામ યાત્રિકોને પગપાળા ૭ કિ.મી. ચાલી માંચી જવુ પડ્યું હતું.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે ચાલતા યાત્રિકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. માર્ગમાં મંદિર ટ્રસ્ટ તરફથી કોઈ પણ પ્રકારની સુવિધા નહી મળતા યાત્રિકોની હાલત કફોડી બની જવા પામી હતી. પાવગઢ પર્વત ઉપર જવા આવવાના રસ્તામાં પણ યાત્રિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઉપર વેપારીઓ દ્વારા યાત્રિકોની ખુલ્લેઆમ લુંટ ચલાવાઈ હતી.

પાણીના પાઉચના ત્રણ રૂપિયા અને એક કિલો ભજીયાના અઢીસો રૂપિયા વેપારીઓએ પડાવ્યા હતા. તળાવમાં પોલીસ બંદોબસ્ત ન હોવાથી નહાવા માટે યાત્રિકોમાં પડાપડી અને ધક્કા મુકીના દશ્યો સર્જાયા હતા. ગબ્બર પર્વત પર માતાજીના દર્શન કરવા માટે પણ યાત્રિકોને માંડ એક બે સેન્કડનો સમય આપ્યો ન આપ્યો કરીને બહાર ધકેલી દેવાતા હતા.

# સાબરકાંઠા લોકસભા કોંગ્રેસના ઉમેદવાર તરીકે શંકરસિંહ વાઘેલાએ ઉમેદવારી પત્ર ભર્યુ

## હિંમતનગર વિધાનસભા બેઠક માટે વિપુલ પટેલે ઉમેદવારી કરી

હિંમતનગર, તા. ૭

વિરોધપક્ષના નેતા અને પુર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ આજે સાબરકાંઠા લોકસભા બેઠક માટે ઉમેદવારી પત્ર ભર્યુ હતુ તેની સાથે હિંમતનગર વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર તરીકે વિપુલ પટેલે ફોર્મ ભર્યુ હતુ. સાબરકાંઠા જિલ્લાના પાંચ કોંગ્રેસના ધારાસભ્યો સાથે શંકરસિંહ વાઘેલા હિંમતનગર બહુમાળી ભવન ખાતે આવેલ કલેક્ટર કચેરી જઈ સવારે ૧૧ કલાકે ઉમેદવારી પત્ર ભર્યું હતું.

સાબરકાંઠા લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના ઉણેદવાર તરીકે શંકરસિંહ વાઘેલાનું નામ જાહેર થતાંની સાથે જ જિલ્લામાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. આજે સોમવારે શંકરસિંહ વાઘેલા જિલ્લાના પાંચ ધારાસભ્યો અશ્વિન કોટવાલ, મહેન્દ્રસિંહ બારૈયા, ડૉ. અનીલ જોષીયારા, રાજુભાઈ ઠાકોર, મહેન્દ્રસિંહ વાઘેલા તેમજ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ચંદુસિંહ ઝાલા, જિલ્લા લઘુમતી સેલના પ્રમુખ ખાદીમ લાલપુરી સહિત કાર્યકરો સાથે કલેક્ટર કચેરીએ જઈ સારે ૧૧ કલાકે પોતાનું ઉમેદવારી પત્ર કલેક્ટર બંછાનિધિ પાની સમક્ષ રજુ કર્યુ હતુ.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ઉમેદવારી પત્ર ભર્યા બાદ શંકરસિંહ વાઘેલાએ પોતાના વિજયનો નિશ્ચિત હોવાનું જણાવી ગુજરાતમાં કોંગ્રેસનો ૫૦ ટકાથી પણ વધારે બેઠકો ઉપર વિજય થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# લક્ષ્મીપુરામાં પાક વિમા યોજનામાં ગેરરીતિની આશંકા

લક્ષ્મીપુરા, તા.૭

ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસ, નાકા, લક્ષ્મીપુરા ગામની સેવા મંડળી દ્વારા પાક વિમા યોજનાને પ્રાઈવેટ વિમા કંપનીઓને સોંપી દેવાતા ખેડૂતોમાં વિરોધ અને રોષની લાગણી ઉઠવા પામી છે.

ખેડબ્રહ્મા કિસાન સંઘના અગ્રણી દિનેશભાઈ પટેલે જણાવ્યું હતું કે ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસ, નાકા, લક્ષ્મીપુરા ગામમાં સેવા મંડળીઓ ચાલે છે. જે મંડળીઓ દ્વારા પાક વિમા યોજના અંતર્ગત સહાયતા આપવામાં આવે છે. દરમિયાન આ પાક વિમા યોજનાને હાલ મંડળીઓ દ્વારા પ્રાઈવટે વિમા કંપનીને સોંપી દઈને કિસાનપત્રો પાસેથી પ્રિમિયમ ઉઘરાવવાની ઉઘાડી લૂંટ ચલાવવામાં આવે છે. જેનો વિરોધ ખડૂતો કરી રહ્યા છે. આ સંદર્ભે પુનઃ વિચારણા કરીને ખેડૂતોના હિતને વિચાર કરવા સારું ખેતી નિયામક કૃષિભવન ગાંધીનગર ખાતે પત્ર દ્વારા લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે અને મંડળીઓ માં ઠરાવ કરી જાણ કરવામાં આવી છે તો આ સંદર્ભે કૃષિ નિયામક યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ ઉઠવા પામી છે.

# ગાજણ ગામમાં બે નિર્દોષ બાળકોને ઝેર આપી પિતાએ મોતને ઘાટ ઉતાર્યા

## ચા-બિસ્કીટ સાથે બાળકોને ઝેર આપી મોતને ઘાટ ઉતાર્યા : મોડાસા રૂરલ પોલીસે પિતાની ધરપકડ કરી

મોડાસા, તા.૭

મોડાસા તાલુકાના ગાજણ ગામમાં એક પિતાએ પોતાના બે માસૂમ બાળકોને ચા તથા બિસ્કીટમાં ઝેર આપી દઈ મોતને ઘાટ ઉતારતાં ચકચાર પ્રસરી છે. આ નિષ્ઠુર પિતાને પકડીને તપાસ હાથ ધરવામાં આવી છે.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના રાઈટર ચંદ્રસિંહના જણાવ્યા મુજબ મોડાસાના ગાજણ ગામમાં દક્ષાબેન પરમાર નામની મહિલા હિંમતનગરના ભાથીખતરી ગામમાં પરણાવેલ હતી. જેને સંતાનમાં બે બાળકો ધવલ તથા રાધા હતા. પોતાનો પતિ જગતસિંહ પૂજેસિંહ પરમાર છેલ્લા કેટલાક સમયથી કામ ધંધો કરતો ન હતો અને પોતાના બાળકોને ખવડાવતો ન હતો તેથી તેની પત્નિ મોડાસાના ગાજણ ગામમાં આવી ગઈ હતી. ગઈકાલે સાંજે તેની પત્ની ઘરમાંથી બહાર જતાં જગતસિંહે બે માસુમ બાળકોને ચા-બિસ્કીટ પાણીમાં ઝેરી પદાર્થ પીવડાવી દઈ મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ અંગેની જાણ ગામમાં થતાં હોબાળો મચ્યો હતો કરવામાં આવ્યો હતો. મોડાસા રૂરલ પીએસઆઈ એ.કે. વાળા, રાઈટર ચંદ્રસિંહ સહિતના સ્ટાફે ઘટના સ્થળે


(તસવીર : અહેમદ ઉલ્લા)

પહોંચી પિતાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. અને આરોપી જગતસિંહને પકડીને મોડાસા રૂરલ પોલીસના હવાલે

# પ્રાંતિજના વહાણવટી મંદિરે ચૈત્રી આઠમે હવન યોજાયો

પ્રાંતિજ, તા.૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રામપુરા સીમાડામાં સાતા સાતસો વરસ પૌરાણિક ખીજડાવાળા વહાવટી સિકોતર માતાના મંદિરે ચૈત્રી નવરાત્રીના આઠમનું હવન અને સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું હતું. મા સિકોતરના હવનમાં યજમાન મનીષભાઈ તથા વિનુભાઈ પટેલે ભાગ લીધો હતો. ભવ્યહવન સ્વાહા સ્વાહાના સૂરોથી વાતાવરણ ભકિતમય બન્યું હતું. મહાપ્રસાદનો મોટી સંખ્યામાં માઈ ભકતોએ લાભ લીધો હતો.

આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમમાં મંદિર ટ્રસ્ટના ડાહ્યાભાઈ પ્રજાપતિ મનુભાઈ શર્મા તથા અન્ય સભ્યો અને ભકતોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ડીસા તાલુકા પેન્શન એસો. દ્વારા પેન્શન ડેની ઉજવણી કરાઈ

ડીસા, તા.૭

ડીસાના લાયન્સ કલબ હોલ ખાતે ડીસા તાલુકા પેન્શન એસોસીએશનની સાધારણ સભા તેમજ પેન્શન ડેની ઉજવણી નાગરભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. આ ઉદઘાટન કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ, સી.પી. ડગલા, દીક્ષીતભાઈ, એસ.એસ. વાઘેલા, ભરતભાઈ પ્રજાપતિ, ડૉ. મેહુલ મોઢ, શાંતિલાલ બ્રહ્મભટ્ટ, ઈશ્વરભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

# રાંધણગેસના બાટલાનો કોમર્શીયલ ઉપયોગ મામલામાં રીન્કુ ગેસ એજન્સી સંચાલકને વસૂલાત માટે નોટીસ

## ૨૦૦૨માં દાખલ થયેલ કેસમાં ૧૨ વર્ષ બાદ તંત્રની કાર્યવાહી

ડીસા, તા. ૭

ડીસાની જી.આઈ.ડી.સી. સ્થીત રીન્કુ ગેસ એજન્સીના સંચાલક રોહિતભાઈ શાહ વિરૂદ્ધ વર્ષ ૨૦૦૨માં ૨૦ બોટલના કહેવાતા કોમર્શીયલ ઉપયોગ બાબતનો એક કેસ દાખલ થયો હતો.

જેમાં જિલ્લા કલેક્ટરે આ ગંભીર નિસ્કાળજી બાબતે ઝડપાયેલો તમામ મુદ્દામાલ રાજ્યશાત કરી કાર્યવાહી હાથ ધરી હતી. જો કે જિલ્લા કલેક્ટરના હૂકમને એજન્સી સંચાલકે આ હૂકમને કાર્ટમાં પડકાર્યો હતો. જો કે નામદાર કોર્ટે પમ જિલ્લા કલેક્ટર બનાસકાંઠાના એજન્સી સંચાલક વિરૂદ્ધના હૂકમને ન્યાયી અને ઊચિત ઠેરવતા આ મામલે ડીસા મામલજદાર કચેરી દ્વારા વસૂલાતની કાર્યવાહી હાથ ધરાઈ છે. જેમાં રૂપિયા ૧૯,૫૦૦ તાત્કાલિક ભરવા ડીસા મામલતદાર સંબંધીત એજન્સી સંચાલકને નોટીસ ઈશ્યુ કરી જણાવતાં ચકચાર ફેલાઈ છે.

આ ઘટનાની મળતી વિગતો જોઈએ તો ડીસામાં એસ.પી. કંપનીના ડીલર રોહિતભાઈ શાહ વિરૂદ્ધ ગત તા. ૫-૯-૨૦૦૨ ના રોજ ડીસા પુરવઠા વિભાગ દ્વારા એક કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં આ સંચાલક વિરૂદ્ધ ૨૦ ગેસના બાટલાનો કોમર્શિયલ ઉપયોગ કરાયેલ હોવાનું માની કેસ દાખલ કરાયો હતો. જે બાદ આ સીઝર કેસમાં જિલ્લા કલેક્ટરની કોર્ટમાં ટ્રાયલ ચાલી હતી અને એજન્સી સંચાલકની જવાબદારી ઠેરવી ઝડપાયેલો તમામ માલ જપ્ત કરી રાજ્યસાત કરાયો હતો. જો કે કલેકટરના હૂકમ સામે નારાજ એજન્સી સંચાલક ડીસાના પાંચમી એડી. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં આ હૂકમ પડકાર્યો હતો. જેમાં તાજેતરમાં જિલ્લા કલેક્ટરે કરેલા અગાઉના હૂકમને યોગ્ય ઠેરવતો સેસન્સ જજે ફેંસલો કર્યો હતો. આમ કોર્ટે પણ થયેલ કાર્યવાહી અને ઈન્સાફી કાર્યવાહી યોગ્ય ઠેરવી હતી. જેનાથી એજન્સી સંચાલકની મુસીબતોમાં વધારો થયો હતો. ત્યારે બીજી તરફ આ મામલે એજન્સી સંચાલક પાસેથી વસૂલાતના બાકી નીકળતા રૂ. ૧૯,૫૦૦ વસુલવા ડીસા મામલતદારે કડક કાર્યવાહી હાથ ધરી એક નોટીસ એજન્સી સંચાલકને ઈશ્યુ કરેલ છે. અને નાણા નહિ ભરાય તો કાયદા મુજબ મલ્કત જપ્ત કરી સરકારી નાણા વસુલાશે તેવુ નોટીસમાં જણાવતા ચકચાર મચેલ છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સમાજમાં સ્ત્રી હીંસાના બનાવ અટકાવવા અને મહિલાઓ તેમજ યુવતીઓ આફતના સમયે સ્વબચાવ કરી શકે તે હેતુથી સરકાર દ્વારા સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત બનાસકાંઠામાં કરાટે જુડોની તાલીમ શરૂ કરવામાં આવી હતી. જેમાં એક વર્ષ દરમ્યાન જીલ્લાની વિવિધ શાળાની દશ હજાર જેટલી વિદ્યાર્થીનીઓએ જુડો કરાટેની તાલીમ મેળવી પોતાનું રક્ષણ જાતે કરવા પગભર બની છે. બનાસકાંઠા જીલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા કરાટે એશોસીએશન દ્વારા સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત જીલ્લામાં કરાટે જુડોનું અભિયાન હાથ ધરાયું હતુ. જેમાં જીલ્લાની વિવિધ શાળા કોલેજમાં વિદ્યાર્થીનીઓને સ્વ બચાવના પાઠ ભણાવવામાં આવ્યા હતા. જેમાં કિશોરીઓને કરાટે તેમજ જુડોની તાલીમ આપવામાં આવી હતી અને આ તમામ તાલીમબધ્ધ યુવતીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા હ તા. જોકે એખ વર્ષના ટુંકાગાળામાં બનાસકાંઠાની દશ હજારથી વધુ કિશોરીઓને કરાટે જુડોની તાલીમ આપનાર કરાટે ચેમ્પિયન ઈશ્વરભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે સરકારનો સુરક્ષા સેતુ કાર્યક્રમ ખરા અર્થમાં બનાસકાંઠાની યુવતીઓ માટે આર્શીવાદ રૂપ પુરવાર બની રહેશે. આમ જીલ્લાની દશ હજાર યુવતીઓ કરાટેની તાલીમથી આફતને અવસરમાં ફેરવવાની તાકાત ધરાવતી થઈ છે જે નારીનું સન્માન કહી શકાય.

# સાબરકાંઠાની લોકસભા બેઠક માટે આજે મુખ્ય બંને પક્ષોના ઉમેદવારોએ ફોર્મ ભર્યા

ધનસુરા, તા. ૭

સાબરકાંઠા જિલ્લાની લોકસભાની બેઠક માટે આજરોજ હિંમતનગર ખાતે ભાજપ પાર્ટી ઉમેદવાર દિપસિંહ રાઠોડે પાર્ટીના અસંખ્ય કાર્યકર્તાઓની હાજરીમાં ફોર્મ ભર્યુ હતુ. તેમની સાથે હિંમતનગર વિધાનસભા ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડાએ પણ વાજતે-ગાજતે ફોર્મ ભર્યુ હતુ.

આ પ્રસંગે 'ભારત માતા કી જય', 'ભાજપ પાર્ટી ઝિંદાબાદ'ના નારાઓ ગુંજી ઉઠ્યા હતા. સામે પક્ષે કોંગ્રેસના ઉમેદવાર માજી મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પણ પોતાના ટેકેદારો સાથે વાજતે ગાજતે ફોર્મ ભર્યુ હતુ. જિલ્લામાં ધીરે ધીરે ઉનાળાની ગરમી સાથે રાજકીય ગરમી પણ વધી રહી છે. હાલ તો પ્રજા પોતાનુ મન કળવા દેતી નથી. પ્રજા કોના ગળામાં વિજયમાળા પહેરાવશે એ તો સમય જ બતાવશે.

# પ્રાંતિજ તાજપુર કુઈ પાસે કાર-જીપ વચ્ચે અકસ્માત

પ્રાંતિજ, તા. ૭

પ્રાંતિજ નેશનલ હાઈ-વે પર આવેલ તાજપુર કુઈ પાસે એક કાર અને જીપ ધડાકાભેર અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ મુસાફરોને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. તમામ ઈજાગ્રસ્તોને હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકામાં આવેલ તાજપુર કુઈ પાસે થઈ અમદાવાદ તરફથી રાજસ્થાન જતી જીપ નં. આર.જે. ૧૨.ટી.એ. ૨૨૮૬ નો ચાલક જીપ લઈ પસાર થઈ રહ્યો હતો. દરમિયાન અચાનક જ જીપનું ટાયર ફાટતા ચાલક જીપ પરનો કાબુ ગુમાવ્યો હતો. અને પોતાના કબજાની જીપ હિંમતનગર તરફથી આવતી નવી સ્વિફટ કાર સાથે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ મુસાફરો પ્રદિપ યાદવ (ઉં.વ.૩૫ રહે. બરોડા), શૈલેષ યાદવ (ઉં.વ.૨૧ રહે. બરોડા), મનીષ યાદવ (ઉં.વ. ૨૫ રહે. બરોડા)ને ઈજાઓ થવા પામી હતી. ઈજા પામેલ તમામને હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ સંદર્ભે પ્રાંતિજ પોલીસ મનિષ યાદવની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્માની સાબરમતી નદીમાંથી સૂર્યાસ્ત બાદ પણ રેતીનું થતું ગેરકાયદે ખનન

## લાગતા વળગતાઓ મુક પ્રેક્ષક બની તમાશો નિહાળી રહ્યા છે : ગેરકાયદે રાજસ્થાન જતી સેંકડો ટન રેતી અંગે ઉચ્ચ સ્તરેથી સત્વરે કાર્યવાહી હાથ ધરવા ઉઠતી માંગ

મોડાસા, તા.૭

ખેડબ્રહ્માની સાબરમતી નદીના ખેરોજથી કલ્લેકા સુધીના પટમાંથી છેલ્લા કેટલાયે સમયથી ખનીજ માફીયાઓ દ્વારા કોઈ પણ જાતની રોકટોક વિના બિન્દાસપણે સૂર્યઅસ્ત પછી પણ ગેરકાયદે ખનન કરી રાજસ્થાન તરફ વહન થઈ રહ્યું છે. રોજના ચારસોથી પાંચસો ટ્રકો દ્વારા સદર નદીના પટમાં ગેરકાયદે ખનન થતું હોવાની માહિતીથી સામાન્ય વ્યકિત વાકેફ છે તો શું અત્રેની કચેરીઓના લાગતા વળગતાઓ અજાણ હોય તે માની શકાય તેમ નથી. વળી સદર નદીના પટમાંથી ગેરકાયદે ખનન થયેલ રેતીના ટ્રકો લાંબડીયા-કોટડા થઈને રાજસ્થાન જાય છે તેના કારણે સ્થાનિક પોલીસને પણ ઘી કેળા છે.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે આ અંગેની જાણ સાબરકાંઠા જિલ્લા ખાણ-ખનીજ અધિકારીને અમારા પ્રતિનિધિ અહેમદ ઉલ્લાએ કરતા અધિકારી એ રેતી રાજસ્થાન તરફ કઈ બોર્ડર થઈને જાય છે તેવું કહીને સદર બાબતે અજ્ઞાનતા દર્શાવેલ છે. જેથી આ અંગે ઉચ્ચ સ્તરેથી સત્વરે નકકર કાર્યવાહી હાથ ધરવામાં આવે તો દરરોજ ચારસોથી પાંચસો ટ્રકો દ્વારા ગેરકાયદે ચાલતા રેકેટનો પર્દાફાશ થઈ શકે છે તેમાં બે મત નથી.

# સમાજવાદી પાર્ટીના ઉમેદવાર બાબુભાઈ દેસાઈએ ઉમેદવારીપત્ર ભર્યું

પાટણ, તા. ૭

લોકસભાની ચૂંટણીનું બ્યુગલ ફુંકાઈ ચુકયું છે ત્યારે વિવિધ પાર્ટીઓના તેમજ અપક્ષ તરીકે પણ લોકો આ ચૂંટણી જંગમાં ઝંપલાવી રહ્યા છે. રાષ્ટ્રીય પાર્ટીઓના પ્રતિનિધિઓએ પોત પોતાના નામાંકન પાટણ સ્થિત કલેકટર કચેરી ખાતે દાખલ કરાવી રહ્યા છે. આજે સમાજવાદી પાર્ટીના ઉમેદવાર બાબુભાઈ દેસાઈએ પોતાના સમર્થકો સાથે કલેકટર કચેરીએ આવી પોતાનું નામાંકન દાખલ કરાવી લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી નિશ્ચિત કરી હતી.

# ભિલોડા તાલુકાના ઈન્દ્રપુરા ગામમાં જમીનમાં સાફ - સફાઈ કરવા બાબતે મારામારી

ભિલોડા, તા.૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ઈન્દ્રપુરા ગામમાં જમીનમાં સાફ-સફાઈ કરવા બાબતે મારા-મારી કરાતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આે.અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ ઝુમસર ગામના રહેવાસી શીવકુમાર શંકરભાઈ અસારીની જમીન ઈન્દ્રપુરા ગામમાં આવેલી છે. ઈન્દ્રપુરા ગામમાં જમીનમાં સાફ-સફાઈ કરવા માટે શંકરભાઈ અસારી ગયા હતા તે દરમ્યાન ઈન્દ્રપુરા ગામના દિનેશભાઈ શંકરભાઈ ઘોઘરા અને વિણાબેન શંકરભાઈ ઘોઘરાએ શીવકુમાર અસારીની જમીનમાં મકાન બનાવેલ હતું. મકાન બનાવેલ હતું જેના કારણે મનદુઃખ થયેલ હતું. શીવકુમાર અસારી તેમની પોતાની માલીકીની જમીનમાં સાફ-સફાઈ કરતા હતા તે દરમ્યાન આરોપીઓએ બિભત્સ મનફાવે તેમ ગાળો બોલી ઝગડો ઉભો કરી મારા-મારી કરેલ હતી તે દરમ્યાન દિનેશભાઈ ઘોઘરાએ શીવકુમાર અસારીને તીર-કામઠાથી જમણા હાથની આંગળી ઉપર તીર મારી ગંભીર રીતે ઈજાઓ કરી બંન્ને આરોપીઓએ એકબીજાને મદદ કરેલ હતી. જીલ્લા મેજી.સા.ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોવાનું આધારભુત પોલીસ સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. ભિલોડા તાલુકાના ઝુમસર ગામના શીવકુમાર શંકરભાઈ અસારીએ ઈન્દ્રપુરા ગામના દિનેશભાઈ શંકરભાઈ ઘોઘરા અને વિણાબેન શંકરભાઈ ઘોઘરા વિરૂધ્ધ આ બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ્સ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧